# 22. જમના પ્રમાણે

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો:

**1) રંગહીન પોશાકમાં હસતી-કૂદતી કન્યાઓ જોઈને બિહારીને શો વિચાર આવ્યો ?**

- અંગહીન પોષાકમાં હસતી-કૂદતી કન્યાઓને જોઈને બિહારીને વિચાર આવ્યો કે નીલાને કોઈ બહેનપણી કે સહિયર નથી, એને પહેરવા-એઢવાનો કે હરવા ફરવાનો શોખ પણ નથી.

**2) મરણ પથારીએ પડેલી ગુણિયલની સેવા કરતા બિહારીને જોઈને ગુણિયલ શું વિચારે છે ?**

- મરણ પથારીએ પડેલી ગુણિયલની સેવા કરતા બિહારીને જોઈને ગુણિયલ વિચારે છે કે મોટા કરોડપતિને પરણી હોત તોય આવી ચાકરી ન પામત.

**3) નીલા પર સારાસંસ્કાર પડે એ માટે બિહારીએ શું શું કર્યું ?**

- નીલા પર સારાં સંસ્કાર પડે એ માટે બિહારી નીલાને નીતીકથા, મહાપુરુષોનાં જીવનચરિત્ર અને સંતમહાત્માઓના ઉચ્ચ આદર્શોની વાતો કરતો. જાત મહેનત અને સાદાઈમાં જ સુખ સમાયેલું છે, તેવું પોતાના વર્તનથી અને વાંચનથી તેના મનમાં ઠસાવતો.

### 2. નીચેના પ્રશ્નોના બે- ત્રણ વક્યોમાં ઉત્તર લખો:

**1) ગુણીયલના અવસાન પછી બિહારી પર કેવી જવાબદારી આવી પડે ?**

- ગુણીયલના અવસાન પછી બિહારીને સારવારના કામમાંથી પરવારી નીલાને નિશાળે મૂકી આવવાની. ચાર વાગતાં નિશાળેથી તેને ઑફિસે લઈ આવવાની. ઑફિસનું કામકાજ પૂરું થાય એટલે તેને પોતાની સાથે લઈ ઘેર લઈ આવવાની. ગુણિયલના અવસાન પછી બિહારી પર આ બધી જવાબદારી આવી પડી.

## 2) નીલા પર સારાસંસ્કાર પડે એ માટે બિહારીએ શું શું કર્યું ?

- નીલા પર સારાં સંસ્કાર પડે એ માટે બિહારી નીલાને નીતીકથા, મહાપુરુષોનાં જીવનચરિત્ર અને સંતમહાત્માઓના ઉચ્ચ આદર્શોની વાતો કરતો. જાત મહેનત અને સાદાઈમાં જ સુખ સમાયેલું છે, તેવું પોતાના વર્તનથી અને વાંચનથી તેના મનમાં ઠસાવતો.

## 3) બિહારીને નીલાને જોવા આપવાવાળાના કેવા કેવા પ્રતિભાવો મળતા ?

- બિહારીને નીલાને જોવા અવનાર સૌના આ પ્રકારના પ્રતિભાવો મળતા : ‘છોકરી આમ સારી ખરી, પણ જમાના પ્રમાણે રહેતા નથી આવડતું.’ ‘કેવાં કપડાં પહેરે-ઓઢે છે ! સિનેમા-નાટક વિશે તો જાણતી જ નથી.

# 3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :

## 1) બિહારીના મનને કયા વિચારો કોરી ખાતા હતા ? શા માટે ?

- બિહારીના પત્ની ગુણિયલ નીલાના જન્મ પછી માંદી રહેતી હતી. તેથી બિહારીને માથે નાની દીકરી નીલાને સાચવવાની, નોકરી કરવાની અને ગુણિયલની સેવાચાકરી જેવી અનેક જવાબદારીઓ આવી પડી હતી. નીલા જાડા ખાદીના ધાબળા જેવી સાડીઓ પહેરેતી, કોઈને હળવા મળવા જતી નહિ. આખો દિવસ એકલીએકલી વાંચ્યા કરતી. પિતાનું ધ્યાન રાખતી. એના જીવનનો સમગ્ર રસ ઘર અને પિતામાં સમાપ્ત થએ એગયો હતો. બિહારીના મનને નીલાના આ જીવન અંગેના વિચારો કોરી ખાતા હતા; કારણ કે સમય જતાં બિહારીને લાગ્યું કે નીલાના આ પ્રકારના જીવન માટે પોતે જ જવાબદાર છે. તેણે જ નીલાના મગજમાં એવી છાપ ઊભી કરી હતી કે નીલા બીજી છોકરીઓ કરતાં જુદી છે.

## 2) બિહારી પ્રત્યે ઑફિસના સાથીઓ કેવા પ્રકારની લાગણી દર્શાવતા ?

- ઑફિસના સાથીઓ બિહારી તરફ આદર અને લાગણીથી જોતાં. તેનું કામ પૂરું કરવામાં મદદરૂપ થતા. પોતાને ઘરેથી કંઈ સારું બનાવેલું ખાવાનું લાવ્યા હોય તો બિહારી માટે પણ ડબામાં લઈ આવતા અને તેને આગ્રહ કરીને જમાડતા. તેમની નિકટના સાથી તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા અને તેમની દીકરી નીલા માતે ખાવાનું જુદું પડીકું પણ લાવતા.

## 3) બિહારીની મનોવ્યથા તમારા શબ્દોમાં વર્ણવો.

- બિહારીની પત્નિ ગુણિયલની માંદગી દરમિયાન મનથી ભાંગી પડ્યો હતો. તેને નાની દીકરી નીલાને સાચવવાની હતી, ઘરના કામકાજ, નોકરી અને ગુણિયલની ચાકરી વગેરે કરવાં પડતાં હતાં. આ કામોમાં જ તેની જીંદગી વીતતી હતી. તે દીકરીને સ્વાદિષ્ટ ખાવાનું આપી શકતો નહિ. રોજ એના એ જ ભાખરા, ચોપડા અને શાકથી ચલાવી લેવું પડતું હતું. પત્ની ગુણિયલની આટલી ચાકરી કર્યા પછી પણ તેની જીંદગીનો અંત આવ્યો અને દુનિયામાં બાપ-દીકરી એકલાં પડી ગયાં. નીલાને સારા સંસ્કાર તો આપ્યાં પણ નીલાને પરણવવાનો સમય આવ્યો ત્યારે નીલાનું અત્યંત સાદગીભર્યું જીવન તેના લગ્નમાં અવરોધરૂપ બન્યું. તે દુઃખી થઈ ગયો. દીકરીને જમાના પ્રમાણે સજાવવા જતાં તેનાં અંતરમાં સઘંર્ષ જાગ્યો. લાડથી ઉછેરેલી દીકરીને પોતનાથી બે કડવાં વેણ કહેવાઈ ગયાં, એનું એને પારાવાર સુઃખ થયું. એની મનોવ્યથાને સમજી નીલા જમાના પ્રમાણે મનથી તૈયાર થઈ, પણ નીલાને એ કૃઍત્રિમ જીવને બિહારીને હચમચાવી નાખ્યા.

## 4) 'જમાના પ્રમાણે' શીર્ષકની સાર્થકતા દર્શાવો.

- 'જમાના પ્રમાણે' ટૂંકી વાર્તામાં મહત્વની વાત એ સમજાય છે કે દરેક માત-પિતાએ દીકરીને સારા સંસ્કાર આપવાના, એનો ઉછેરે સારી રીતે કરવાનો, પણ એ સંસ્કારનો અતિરેક થાય ત્યારે દીકરી મીરાંબાઈની જેમ જીવન ઈચ્છે એ માતા-પિતાને માટે આઘાતજનક ઘટના બની જતી હોય છે. બિહારીએ સારા ઉદ્દેશથી નીલાનો ઉછેરે કર્યો. એને સારા સંસ્કાર આપ્યા. નીલા ચારિત્ર્યશીલ બની. એની સાદગી અને ચારિત્ર્યથી પિતા હરખાતા ; પરંતુ લગ્ન માટે જોવા આવનારે ટીપ્પણી કરી : દેખાવે સારી છે તેથી શું ? જુવાનીનો તરવળાટ ન મળે. અકાળે વૃદ્ધ થઈ ગઈ છે. હોશિયારીથી દા'ડો ન વળે. ઘરકામ કરવાવાળી નથી જોઈતી. છોકરા સાથે બે ઘડી હસી-બોલી મન બહેલાવી ન શકે તો શા કામની ? જમના પ્રમાણે …… આ શબ્દોએ તેની આંખો ખોલી. તેને થયું કે નીલાએ જમાના પ્રમાણે ….. પહેરવું – ઓઢવું, ઠાઠ-ઠાસ્સો વગેરે રાખવાં જરૂરી છે, પણ નીલાના સંસ્કાર તેને તેમ કરતાં રોકે છે. અંતે પિતાનું હૃદય ન દુભાય એટલે મામાને ત્યાં જઈ આ રીતેભાત શીખીને તૈયાર થઈને આવે છે. સાચી વાસ્તવિકતા એ છે કે સારા સંસ્કારની સાથે જમાના પ્રમાને જીવવા માટે કેટલાક પરિવર્તન જરૂરી છે. એ દ્રષ્ટિએ 'જમાના પ્રમાણે' શીર્ષક સાર્થક ઠરે છે.